# ટેક્સટાઈલ માર્કેટની ચૂંટણીમાં બંને મહિલા બિનહરીફ જાહેર

**એક** ઉમેદવારે ઉમેદવારી પરત ખેંચતાં માત્ર બે ઉમેદવારો જ મેદાનમાં રહ્યા

**ચૂંટણી** સમિતિએ નિર્મલા જૈન અને રિતિકા છતવાણીને વિજેતા જાહેર કર્યા




સુરત : એસટીએમ (STM) ચૂંટણી સમિતિ દ્વારા મહિલા અનામતની બે બેઠકો અંગે ફરીથી જાહેરનામું બહાર પાડી બંને ઉમેદવારોને બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા છે.

ચૂંટણી સમિતિની તા. 13 જુલાઈ, 2026ની સૂચના મુજબ મહિલા અનામતની બે બેઠકો માટે કુલ ત્રણ મહિલા ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. જોકે, તા. 13 જુલાઈએ એક મહિલા ઉમેદવારે પોતાની ઉમેદવારી પરત ખેંચી લીધી હતી. તેના પરિણામે ચૂંટણી મેદાનમાં માત્ર બે મહિલા ઉમેદવારો જ બાકી રહ્યા હતા, જ્યારે મહિલા અનામત માટે કુલ બે બેઠકો ઉપલબ્ધ હતી. અન્ય કોઈ ઉમેદવાર ન હોવાથી આ બેઠકો માટે મતદાન કરવાની જરૂરિયાત રહી નહોતી.

ચૂંટણી સમિતિએ બંને ઉમેદવારોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કર્યા છે. બિનહરીફ ચૂંટાયેલા ઉમેદવારોમાં નિર્મલા પ્રકાશચંદ્ર જૈન અને તથા રિતિકા કુમાર છતવાણીનો સમાવેશ થાય છે.

મુખ્ય ચૂંટણી અધિકારી અશોક જૈન તેમજ ચૂંટણી અધિકારીઓ અનિલ અગ્રવાલ અને મહેન્દ્રપાલ ખુરાણાએ બંને ઉમેદવારોને આજે બિનહરીફ વિજેતા જાહેર કર્યા છે.

**ટેક્સ ચોરીના રસ્તા બંધ, વિદેશી કમાણી છુપાવીને બેઠેલા કરદાતાઓ સાવધાન**

# હવે વિદેશી બેંક એકાઉન્ટ-પ્રોપર્ટીની વિગતો સીધી ફોર્મ 26ASમાં ખુલશે

**આંતરરાષ્ટ્રીય** કરાર હેઠળ વિદેશી રોકાણોની કુંડળી સરકાર પાસે પહોંચશે, CBDTએ જારી કર્યો કડક આદેશ

સુરત : વિદેશમાં કાળું નાણું છુપાવનારા કે ત્યાંથી થતી કમાણી પર ટેક્સ ન ચૂકવનારા કરદાતાઓ માટે હવે બચવું મુશ્કેલ બનશે. ઈન્કમ ટેક્સ વિભાગે ટેક્સ ચોરીના તમામ રસ્તા બંધ કરવા માટે એક અત્યંત આકરો અને મોટો નિર્ણય લીધો છે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ (CBDT) દ્વારા જાહેર કરાયેલા નવા આદેશ અનુસાર, હવે કરદાતાની વિદેશી કમાણી અને રોકાણની તમામ ગુપ્ત વિગતો સીધી તેના Form 26AS માં દેખાશે. આંતરરાષ્ટ્રીય કરારો અને 'ઓટોમેટિક એક્સચેન્જ ઓફ ઈન્ફોર્મેશન' (AEOI) ફ્રેમવર્ક હેઠળ ભારત સરકારને વિદેશોમાંથી મળેલી તમામ નાણાકીય વિગતોને ફોર્મ 26AS માં ઓનલાઈન અપલોડ કરવાનો આદેશ નાણાં મંત્રાલયે 8 જુલાઈ, 2026 ના રોજ જારી કરી દીધો છે.

### ભૂતકાળના તમામ હિસાબો ખોલશે ઇન્કમ ટેક્સ: બે તબક્કામાં ડેટા થશે અપલોડ

કરદાતાઓએ ભૂતકાળમાં કરેલી ટેક્સ ચોરી પકડવા માટે વિભાગે વર્ષ વાઈઝ કડક સમયમર્યાદા નક્કી કરી છે. વર્ષ 2022, 2023 અને 2024 દરમિયાન કરદાતાઓએ વિદેશમાં કરેલા તમામ વ્યવહારો અને રોકાણોની જે માહિતી સરકાર પાસે ઉપલબ્ધ છે, તેને આગામી 90 દિવસની અંદર ફોર્મ 26AS માં લાઈવ કરી દેવામાં આવશે. જ્યારે 1 જાન્યુઆરી 2025 થી 31 ડિસેમ્બર 2025 ના સમયગાળાની માહિતી ઇન્કમ ટેક્સ વિભાગને વિદેશી એજન્સીઓ પાસેથી જે મહિનામાં મળશે, તેના 90 દિવસની અંદર સિસ્ટમ પર અપલોડ કરી દેવાશે.

### કરચોરી કરનારાઓ પર કેવી રીતે કસાશે સકંજો?

આ નવા નિયમથી કરચોરોની મુશ્કેલીઓ બેવડાશે. અત્યાર સુધી ઘણા કરદાતાઓ વિદેશી બેંક ખાતા, શેરબજારનું રોકાણ કે પ્રોપર્ટીની આવક ભારતના આઈટીઆર (ITR) માં છુપાવી લેતા હતા. પરંતુ હવે આ તમામ ડેટા સીધો જ ડિરેક્ટર જનરલ ઓફ ઇન્કમ-ટેક્સ (સિસ્ટમ્સ) દ્વારા કરદાતાના પ્રોફાઈલમાં મૂકી દેવાશે. પરિણામે, કરદાતા ઈચ્છે તો પણ પોતાની વિદેશી આવક છુપાવી શકશે નહીં. જો ITR માં આ વિગતો નહીં દર્શાવી હોય તો સિસ્ટમ તરત જ લાલ આંખ કરશે અને ટેક્સ ચોરી બદલ ભારે દંડ તેમજ કાયદાકીય કાર્યવાહીનો સામનો કરવો પડશે.

# વેસુના ડોમિનોઝ પિઝા આઉટલેટમાં આગ, ગ્રાહકોનો બચાવ થઈ ગયો

**આગ** લાગી ત્યારે સાંજના સમયે રેસ્ટોરન્ટનો સ્ટાફ તથા 9 ગ્રાહક હાજર હતા




સુરત : વેસુ વીઆઈપી રોડ સ્થિત ઈ સ્પેસ પ્લાઝામાં આવેલાં ડોમિનોઝ પિઝ્ઝાનાં આઉટલેટમાં આજે સાંજનાં સમયે શોર્ટસર્કિટ બાદ આગ લાગી હતી. જોકે, સ્ટાફનાં 5 સભ્યો અને 9 ગ્રાહકો ફટાફટ બહાર નીકળી જતાં મોટી જાનહાનિ થતા રહી ગઈ હતી.

બનાવની જાણ ફાયર કંટ્રોલને કરવામાં આવી હતી, તેથી વેસુ ફાયર બ્રિગેડનો કાફલો સ્થળ ઉપર પહોંચી ગયો હતો. સબ ફાયર ઓફિસર કિશોર પટેલે જણાવ્યું હતું કે, સાંજે 6 કલાકે તેમને કોલ મળ્યો હતો. તેથી તેઓ અને તેમની ટીમ સ્થળ ઉપર તુરંત જ પહોંચી ગઈ હતી. રેસ્ટોરન્ટ એરિયામાં રિસેપ્શન નજીક ઈલેક્ટ્રિક પેનલમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી ગઈ હતી, તેને કારણે ખુબ જ મોટા પ્રમાણમાં ધૂમાડા ઉઠ્યા હતા. હાજર લોકો તુરંત બહાર નીકળી જતા તેઓનાં જીવ બચી ગયા હતા. ફાયર બ્રિગેટની ટીમે પરિસ્થિતી સંભાળી લેતા મોટી જાનહાનિ ટળી ગઈ હતી. જોકે બનાવમાં કોઈને ઈજા કે જાનહાનિ ન પહોંચી હોવાનુ પણ ફાયર બ્રિગેડનાં સુત્રોનું કહેવુ હતુ.

**8 વર્ષ પહેલા જે સ્થિતિમાં મૂક્યું હતું તેમાં સુરત મનપાની**

# 'ટીમ સુરત'નું વિઝન ખૂટવા માંડ્યું છે, સુરત હવે બેકફૂટ પર લાગે છે

**સુરત** મનપામાં વેરવિખેર થઈ ચૂકેલા અધિકારીઓને 'ટીમ સુરત' તરીકે કામ કરવા શહેરી વિકાસ સચિવ એમ. થેન્નારસનની તાકીદ

સુરત : ખાડીપૂર નિવારણ યોજનાની સમીક્ષા માટે આવેલા રાજ્યના શહેરી વિકાસ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી એમ. થેન્નારસને મનપાના અધિકારીઓ સાથેની બેઠકમાં શહેરના વિકાસ અંગે ખુલ્લેઆમ અસંતોષ વ્યક્ત કર્યો હતો.

સુરત મહાનગરપાલિકાના કમિશનર તરીકે વર્ષો પહેલાં ફરજ બજાવી ચૂકેલા થેન્નારસને જણાવ્યું હતું કે, તેઓ 7-8 વર્ષ પહેલાં જે સ્થિતિમાં સુરતને છોડીને ગયા હતા, તેની સરખામણીએ આજે શહેર આગળ વધવાને બદલે બેકફૂટ પર હોવાનું જણાય છે. તેમણે સુરતના વિકાસ માટે અગાઉની જેમ 'ટીમ સુરત'ની ભાવના સાથે કાર્ય કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. બેઠક દરમિયાન તેમણે જણાવ્યું કે, અગાઉ શરૂ કરાયેલા અનેક મહત્વાકાંક્ષી પ્રોજેક્ટો આજે પણ અધૂરા છે. રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ અને બેરેજ જેવા મહત્વના પ્રોજેક્ટો હજુ સુધી પૂર્ણ થયા નથી. રાજ્ય સરકાર વિકાસલક્ષી યોજનાઓ માટે જરૂરી ગ્રાન્ટ આપવા હંમેશા તૈયાર રહે છે, પરંતુ સુરત મહાનગરપાલિકા તરફથી નવા અને નોંધપાત્ર પ્રોજેક્ટો મંજૂરી તથા ગ્રાન્ટ માટે રજૂ કરવામાં આવતા નથી. આ સ્થિતિ ચિંતાજનક હોવાનું તેમણે જણાવ્યું હતું.

તેમણે અધિકારીઓને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, અગાઉ શહેરના હિત માટે 'ટીમ સુરત' તરીકે સંકલન સાથે કામગીરી થતી હતી, જ્યારે હવે કેટલાક અધિકારીઓનું ધ્યાન માત્ર ચોક્કસ વિભાગો મેળવવા પૂરતું જ મર્યાદિત હોવાનું પણ તેમણે કહ્યું હતું. થેન્નારસનની આ કડક ટકોર બાદ બેઠકમાં હાજર અધિકારીઓમાં સન્નાટો છવાઈ ગયો હતો.

## ચોથા માળની પાળી પર બેઠેલા માનસિક બીમાર યુવકનું સ્મીમેરમાં ફિલ્મી ઢબે રેસ્ક્યુ

સુરતઃ સચિન વિસ્તારમાં રહેતો 25 વર્ષીય યુવકને છેલ્લા કેટલાક સમયથી માનસિક બીમારીની સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. પરંતુ સાંજે જ્યારે તેને એક્સરે માટે લઈ જવામાં આવી રહ્યો હતો ત્યારે તે સ્ટ્રેચર પરથી નીચે ઉતરી ભાગી ગયો હતો. સીસીટીવી ફૂટેજ ચેક કરતા જાણવા મળ્યું કે, દર્દી ચોથા માળે પહોંચી બારીની બહાર નીકળી ગયો હતો. વોર્ડ બોય અને સિક્યોરિટી ગાર્ડે તાત્કાલિક સ્થળે પહોંચી અત્યંત શાંતિ અને સમજદારીપૂર્વક યોગ્ય તક મળતાં જ દર્દીને મજબૂતીથી પકડી બારીની અંદર ખેંચી લીધો હતો. જેને કારણે એક યુવાનનો જીવ બચી ગયો હતો.

# યુવાનને કમરમાં ચપ્પુ ઘુસાડી દેનાર 5ને ઝડપી પોલીસે ભારે સરભરા કરી





**હુમલાખોરોએ** યુવાનના દાદીને હાથમાં ચપ્પુ મારી યુવાનને કમરમાં ચપ્પુ મારી દીધું હતું

**પોલીસે** તમામને ઘટના સ્થળે લઈ જઈ વ્યવસ્થિત પાઠ ભણાવ્યો

### કોણ કોણ પકડાયા

» ઇમરાન ઉર્ફે બચ્ચી ઉર્ફે લોલી પઠાણ (ઉ.વ.૨૫, રહે. ખાજાનગર) » ક્રિષ્ના ઉર્ફે કાલિયા રાજપુત (ઉ.વ.૧૯, રહે. શાસ્ત્રીનગર) » રાજીક ઉર્ફે કાલિયા શેખ (ઉ.વ.૨૬, રહે. ખાજાનગર) » સેજાન ઉર્ફે સજ્જુ શેખ (ઉ.વ.૨૦, રહે. રેલ રાહત કોલોની) » સોહીલખાન ઉર્ફે કોટી પઠાણ (ઉ.વ.૨૦, રહે. સરદારનગર, લિંબાયત)

### લોકોએ પોલીસ ઝીંદાબાદના નારા લગાડ્યા

પોલીસની આ કડક કાર્યવાહી જોઈને લોકોએ 'સુરત પોલીસ ઝિંદાબાદ'ના નારા લગાવી પોલીસની કામગીરીને બિરદાવી હતી.

સુરતઃ માનદરવાજા રેલ રાહત કોલોનીમાં મોડી રાત્રે જૂની અદાવત રાખીને યુવાનને ચપ્પુ મારી દેનારા પાંચને સલાબતપુરા પોલીસ અને એસઓજીની ટીમે પકડી લઈ ઘટનાસ્થળે રિકન્સ્ટ્રક્શન માટે લઈ જઈ એસઓજીના ડીસીપી રાજદીપસિંહ નકુમે જાહેરમાં તમામની ધોલાઈ કરી સબક શીખવાડ્યો હતો.

મૂળ મહારાષ્ટ્રના અને હાલ માનદરવાજામાં રહેતા લતાબેન ગવાણે (ઉ.વ.૫૯) ગત રાત્રે ઘર બહાર સૂતા હતા, ત્યારે તેમનો દૌહિત્ર રાજ ઉર્ફે ગુડુ પારધે (ઉ.વ.૨૬) જીવ બચાવવા બૂમો પાડતો દોડી આવ્યો હતો. તેની પાછળ ખ્વાજાનગરનો કુખ્યાત બુરૂ અને તેના સાથીદારો ચપ્પુ સાથે દોડી આવ્યા હતા. પૌત્રને બચાવવા વચ્ચે પડેલા વૃદ્ધા લતાબેનને આરોપીઓએ હાથમાં ચપ્પુ મારી દીધું હતું. ત્યારબાદ અચ્યાજે રાજના કમરના ભાગે ચપ્પુનો એવો જોરદાર ઘા ઝીંક્યો કે ચપ્પુ કમરમાં જ ખૂંપી ગયું હતું.પોલીસે ગુનો નોંધી તમામ પાંચની ધરપકડ કરી હતી.

# યુવતીને આપઘાત માટે મજબૂર કરનાર પોલીસપુત્રની ધરપકડ

**અઠવાલાઈન્સ** વિસ્તારમાં એકતરફી પ્રેમમાં પાગલ પોલીસપુત્ર સુજલ ગઢવીએ માઝા મૂકી હતી

સુરતઃ કાપડ વેપારીની ૧૯ વર્ષીય દીકરીને હાથની નસ કાપી આત્મહત્યાના પંથે ધકેલનાર માથાભારે 'સિરિયલ સ્ટોકર' સુજલ ગઢવીને ઉમરા પોલીસે ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. પકડાયેલો ૨૨ વર્ષીય આરોપી સુજલ પોલીસપુત્ર છે.

અઠવાલાઈન્સમાં ગોકુલમ ડેરી પાસે રહેતા કાપડ ઉદ્યોગપતિની દીકરી પાયલ (નામ બદલ્યું છે) ને વર્ષ-૨૦૨૨માં ઈન્સ્ટાગ્રામ પર જહાંગીરપુરાના સુજલ દેવેન્દ્રદાન ગઢવી (ઉં.વ.૨૨) (રહે.,શશાંક રેસિડન્સી, જહાંગીરપુરા, મૂળ રહે.,મોરબી) સાથે મિત્રતા થઈ હતી. જો કે, સુજલની વિકૃત માનસિકતા અને હેરાનગતિ વધતાં યુવતીએ સંબંધો તોડી નાંખ્યા હતા. ત્યાર બાદ સુજલ સાયકો સ્ટોકર બની ગયો હતો. તે પાયલનો કોલેજથી લઈને પિતાની રિંગ રોડ સ્થિત ઓફિસ સુધી તેમજ અમદાવાદ સુધી પીછો કર્યો હતો.

ગત તા.૯ જુલાઈના રોજ મોડી રાત્રે ૧૨:૩૦ વાગ્યે આરોપી સુજલ ગઢવી તમામ હદો પાર કરી યુવતીના ઘરે પહોંચી ગયો હતો અને દરવાજો ખખડાવી પિતા સાથે ઝઘડો કરતાં યુવતીએ બ્લેડ વડે પોતાના ડાબા હાથની નસ કાપી નાખી હતી. પીડિતાએ ઉમરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં જ પોલીસ તાત્કાલિક એક્શનમાં આવી હતી. ઉમરા પોલીસે સુજલ દેવેન્દ્રદાન ગઢવીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# પતિના જ મિત્રનું પરિણીતાને બ્લેકમેઇલ કરી હોટલમાં દુષ્કર્મ

**પુત્રની** હત્યા અને ફોટા વાયરલ કરવાની ધમકી આપી જાતીય શોષણ કર્યું હતું

**ગુનો** નોંધાતાં ભાવિક માંગુકિયા મુંબઈ ભાગી ગયો હતો

સુરત : સિંગણપોરમાં એક પરિણીતાને તેના જ પતિના મિત્રએ બ્લેકમેઈલ કરી હોટલમાં દુષ્કર્મ કરવાના ગુનામાં પોલીસે ભાવિક માંગુકીયાને મુંબઈથી પકડી લીધો હતો.

સિંગણપોર કોઝ-વે રોડ પર આવેલી માધવકુંજ સોસાયટીમાં રહેતા ભાવિક મહેન્દ્રભાઈ માંગુકીયાએ (ઉ.વ. ૪૩) પોતાના જ મિત્રના પરિવાર પર નજર બગાડી હતી અને બ્લેકમેઈલ કરી જ ફોટા અને ભેટસોગાદ આપી હતી તેના ફોટા પરિણીતાના પતિને મોકલવાની ધમકી આપી પરિણીતાના પુત્રને પતાવી દેવાની ધમકી આપી હોટલોમાં મળવા માટે મજબૂર કરતો અને ત્યાં પરિણીતાની મરજી વિરુદ્ધ વારંવાર દુષ્કર્મ આચરી શારીરિક શોષણ કરતો હતો. આખરે પરિણીતાએ સિંગણપોર પોલીસમાં ફરિયાદ કરતાં પોલીસે તપાસ શરૂ કરી હતી. પરંતુ આરોપી ભાવિક સુરતથી ભાગીને મુંબઈ ભરાઈ ગયો હતો. જોકે, સિંગણપોર પોલીસે ટેક્નિકલ સર્વેલન્સ અને બાતમીદારોના નેટવર્કની મદદથી નરાધમ ભાવિક માંગુકીયાને મુંબઈ ખાતેથી દબોચી લીધો હતો અને સુરત લાવી જેલ ભેગો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સુરત મનપામાં મોકૂફ 7 કેડરની ભરતી માટેની પરીક્ષા ફરી જાહેર

**કેટલીક** પરીક્ષા તા.26મીએ અને કેટલીક પરીક્ષા તા.9મી ઓગષ્ટ થશે

સુરતઃ સુરત મનપામાં સરકારી નોકરીની તૈયારી કરી રહેલા હજારો ઉમેદવારો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. વહીવટી કારણોસર અગાઉ સ્થગિત કરવામાં આવેલી વિવિધ સંવર્ગોની લેખિત પરીક્ષાઓની નવી તારીખો મનપાના ભરતી વિભાગ દ્વારા જાહેર કરવામાં આવી છે. અગાઉ 12 જુલાઈએ યોજાનારી પરીક્ષાઓ હવે બે તબક્કામાં 26 જુલાઈ અને 9 ઓગસ્ટ, 2026ના રોજ લેવામાં આવશે. મનપાએ તમામ સંવર્ગોનો સત્તાવાર અભ્યાસક્રમ (સિલેબસ) અને ઉમેદવારો માટેના પ્રશ્નોત્તરી (FAQ) પોતાની વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવી છે. પરીક્ષા કેન્દ્ર, સમય અને અન્ય સૂચનાઓ ઓનલાઈન કોલ લેટર દ્વારા ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

### કઈ તારીખે કયા સંવર્ગની પરીક્ષા થશે?

| સંવર્ગ | તારીખ-વાર |
|---|---|
| લેબોરેટરી ટેકનિશિયન | 26/07/2026 (રવિવાર) |
| ક્લાર્ક-III (ઓડિટ) | 26/07/2026 (રવિવાર) |
| રેડિયોગ્રાફિક ટેકનિશિયન | 09/08/2026 (રવિવાર) |
| પ્લાનિંગ આસિસ્ટન્ટ | 09/08/2026 (રવિવાર) |
| મેડિકલ ઓફિસર | 09/08/2026 (રવિવાર) |
| મેઈન્ટેનન્સ આસિ. (ઈલે.) | 09/08/2026 (રવિવાર) |
| ટેકનિકલ આસિસ્ટન્ટ | 09/08/2026 (રવિવાર) |

## સંક્ષિપ્ત સમાચાર

### ગુજરાત રાજ્ય યુવા પાવર લિફ્ટિંગમાં સુરતના યુવાનોને મેડલ



સુરતઃ સુરત ખાતે યોજવામાં આવેલી ગુજરાત રાજ્ય યુવા પાવર લિફ્ટીંગમાં રાહુલ રાણાએ ગોલ્ડ મેડલ, હર્ષ મહારાજવાલાએ સિલ્વર મેડલ, નિલેશ ઠક્કરએ સિલ્વર મેડલ અને મિત કંથારીયાએ ગોલ્ડ મેડલ મેળવ્યો. આ બધા જ ખેલાડીઓ ભાવેશ જરીવાલા પાસે તાલીમ લઈને રુદ્ર ફિટનેસનું ગૌરવ વધાર્યું છે.

### મલ્હાર પરિવારનો વરસાદી ગીતોનો કાર્યક્રમ યોજાયો



સુરતઃ મલ્હાર પરિવાર દ્વારા ગત તા.12મીના રોજ ગીતાંજલી સ્ટુડિયોમાં વરસાદી ગીતોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં 35 જેટલા કલાકારો દ્વારા વિવિધ ગીતો રજૂ કરાયા હતા. કાર્યક્રમમાં એસીપી આહીર, કમલેશ પરીખ, ડો.તન્વી, ઈકબાલ શેખ સહિતના અન્યો હાજર રહ્યા હતા. જ્યારે એડમિન ટીમના મનહર ચૌહાણ, મનીષ ચાવડા, કેતન દેસાઈ, ઉમેશ રામવાળા, નીખીલ શેઠ, ફારુક કુરેશી દ્વારા કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં 95 વર્ષના ગમનભાઈ ખંભાતી જોકર બનીને આવ્યા હતા. અંતમાં મનહર ચૌહાણે કલાકારોને આશીર્વચનો આપ્યા હતા.

### સારસ્વત વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની સવા શતાબ્દી પ્રસંગે સ્મૃતિસભા યોજાઈ



સુરતઃ સારસ્વત વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના સવા શતાબ્દીના પ્રસંગે નર્મદ સાહિત્ય સભા અને એમ.ટી.બી. આર્ટસ કોલેજના સંયુક્ત ઉપક્રમે તેમની સ્મૃતિસભાનું આયોજન વડીલના ૧૨૭મા જન્મદિને થયું હતું. સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના અધ્યક્ષ આશિષ વકીલના અધ્યક્ષ સ્થાને મળેલી આ સભામાં ડો. રાકેશ દેસાઈએ તેમની વિવેચન કલાને દેશ-વિદેશના સંદર્ભો ટાંકીને બિરદાવી હતી. કશ્યપ મહેતાએ તેમના પારિવારિક સંદર્ભો વર્ણવીને વિષ્ણુદાદાને ભાવવાહી રીતે યાદ કર્યા હતા. એમ.ટી.બી. કોલેજના એ સુવર્ણમય દિવસોને વિષ્ણુપ્રસાદજીના સંદર્ભે ડો. હિમાંશી શેલત અને ડો. વિજય શાસ્ત્રીએ તેમના સ્મૃતિલેખો દ્વારા યાદ કર્યા હતા જેનું પઠન કપિલદેવ શુક્લ અને મયંક ત્રિવેદીએ કર્યું હતું. નર્મદ સભાના પ્રમુખ બકુલ ટેલરે સ્વાગત અને મંત્રી નરેશ કાપડીઆએ વિષ્ણુપ્રસાદજીના જીવન અને કવનને ટૂંકી ફિલ્મ દ્વારા રજુ કાર્ય હતા. કોલેજના આચાર્ય ડો. મુકેશ પટેલે આભારવિધિ કરી હતી. વિષ્ણુપ્રસાદજીના દીકરી વસંતિકાબેન અને દોહિત્રી ફાલ્ગુની ભટ્ટ અને પરિવાર દાદાજીની યાદમાં ભાવુક થયા હતા. ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ રાજન ભટ્ટે સંકલન કર્યું હતું.

### શ્રી સુરતી મોઢ વણિક અડાજણ રાંદેર રોડ ટ્રસ્ટ દ્વારા કેરમ ટુર્નામેન્ટનું આયોજન



સુરતઃ સુમોવ અડાજણ રાંદેર રોડ ટ્રસ્ટ દ્વારા મોઢ વણિક સમાજના સભ્યો માટે એક કેરમ ટુર્નામેન્ટનું આયોજન ટ્રસ્ટના પ્રમુખ નટવરભાઈ ભૂતવાલા અને કાર્યકારી પૂર્વ પ્રમુખ અતુલ હલવાવાળાના નેજા હેઠળ કરાયું હતું. જેમાં સમાજના 40 જેટલા સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ટુર્નામેન્ટને સફળ બનાવી હતી. કન્વીનર અરુણ પાનવાલા, ટ્રસ્ટના ઉપપ્રમુખ મિતેશ જરીવાલા, યોગેશ દલાલ, મંત્રી પંકજ ગાંધી, ગિરીશ મોદી, ખજાનચી ઈશ્વર લાપસીવાલા તેમજ અગ્રણી સભ્યો સર્વ હરીશ પીપવાળા, નીતિન ઘાયલ, બંસી ગાંધી, ભરત ગાંધી, ઇન્દ્રજીત સોપારીવાળા, કાંતિ ગાંધી, અંકુર તમાકુવાલા અને પ્રકાશ ગાંધીએ ખેલાડીનો ઉત્સાહ વધાર્યો હતો. જ્યારે પ્રમુખ ધર્મેશ તમાકુવાળા તથા અન્ય હોદ્દેદારો, નાનપરા પંચના વૃદ્ધાશ્રમના હોદ્દેદારો તેમજ અડાજણ રાંદેર રોડ યુવક મંડળના હોદ્દેદારોએ હાજરી આપી હતી. ટુર્નામેન્ટમાં સુરત કેરમ એસોસિએશનના રાજુ ગજ્જર તથા તેમની ટીમે રેફરી તરીકે સેવા આપી હતી.

### સુરત મર્કન્ટાઇલ કો-ઓપ. બેંકનો વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો




સુરતઃ પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી વધારવાના સંદેશ સાથે સુરત મર્કન્ટાઇલ કો-ઓપરેટિવ બેન્ક દ્વારા 'એક પેડ મા કે નામ'વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં બેન્કના ચેરમેન કૌશિક દલાલ અને ડિરેક્ટર ભરત વાનાવાળાએ ઉત્સાહપૂર્વક વૃક્ષારોપણ કર્યું હતું. કાર્યક્રમનું આયોજન બેન્કના સીઈઓ રાકેશ દેસાઈ તથા બેન્કના સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પર્યાવરણનું જતન, હરિયાળીનું સંવર્ધન અને આવનારી પેઢીને સ્વચ્છ તથા સ્વસ્થ વાતાવરણ આપવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

### SGITAના મેગા રક્તદાન કેમ્પમાં 400થી વધુ યુનિટ રક્ત એકત્રિત



સુરતઃ સુરતના દયાળજી આશ્રમ ખાતે સાઉથ ગુજરાત ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એસોસિએશન દ્વારા આયોજિત 28મા મેગા રક્તદાન કેમ્પને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો. 400થી વધુ યુનિટ રક્ત એકત્રિત થયું, કાર્યક્રમમાં પદ્મશ્રી મથુરભાઈ સવાણી, એસજીસીસીઆઈના પ્રમુખ અશોક જીરાવાલા તથા ફિટેગના પ્રમુખ અલ્પેશભાઈ ઘેવરિયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના પ્રમુખ હેમંત પટેલે આગેવાનોનું પુષ્પગુચ્છ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી સ્વાગત કર્યું હતું.

### રોટરી ક્લબ ઓફ તાપી સુરતને સેવાકીય પ્રવૃત્તિ બદલ 10 એવોર્ડ મળ્યા




સુરતઃ રોટરી ક્લબ ઓફ ઈન્ટરનેશનલ વર્ષ ૨૦૨૫-૨૬, રોટરી ડીસ્ટ. 3060ના બરોડા ખાતે યોજાયેલા એવોર્ડ ફંક્શનમાં રોટરી ક્લબ ઓફ તાપી સુરતને વિવિધ સેવાકીય પ્રવૃતિની કેટેગરીમાં બેસ્ટ પરફોર્મન્સના 10 એવોર્ડ મળ્યા હતા. ક્લબ દ્વારા વર્ષ દરમ્યાન કરવામાં આવેલી સેવાકીય પ્રવૃતિઓ થકી આ એવોર્ડ મળ્યા હતા. એવોર્ડ મળવા બદલ ક્લબના પ્રમુખ રો. દિપકભાઈ ભટ્ટ તેમજ તેમની ટીમને શુભેચ્છા પાઠવવામાં આવી છે.